Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૦૪–૦૫–૨૦૨૧**

સિન્ડિકેટની તાકીદની સભા મંગળવાર, તા.૦૪–૦૫–૨૦૨૧ના રોજ બપોરે: ૦૨–૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન / ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૦૪–૦૫–૨૦૨૧ |
|---|---|---|
| ૧. | ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા ( માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | VACANT (માનનીય ઉપકુલપતિશ્રી) | ----- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૭. | આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | ઓનલાઈન હાજર |
| ૮. | ડૉ.મહિડા મહેન્દ્રસિંહ ભરતસિંહ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ નટવરલાલ દેસાઈ | હાજર |
| ૧૦. | ડૉ. ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૧. | ડૉ. ખરચિયા કશ્યપસિંહ પ્રવિણસિંહ | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી જયરામ ગામિત | ઓનલાઈન હાજર |
| ૧૪. | શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ ) | ઓનલાઈન હાજર |

**સભાની શરૂઆત થતાં પહેલા માનનીય સિન્ડિકેટ સભ્યશ્રીઓ દ્વારા નવનિયુકત માનનીય કુલપતિશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ હતું.**

૧. પરીક્ષા FACT કમિટીની તા.૦૩/૦૨/૨૦૨૧ની સભાની નોંધ/ભલામણો પર વિચારણા કરવા બાબત....

**(નોંધ:** પરીક્ષા FACT કમિટીની ઉપરોકત સભાની નોંધ/ભલામણો આ સાથે સામેલ છે.**)**

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા FACT કમિટીની તા.૦૩/૦૨/૨૦૨૧ની સભાની નોંધ/ભલામણોનો પરિશિષ્ટ : " ક " માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરી સદર કોલેજનું જોડાણ ક્રમશઃ રદ કરવું અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી સદર કોલેજને પ્રવેશ ફાળવવા નહીં. વિદ્યાર્થીઓ, આચાર્યશ્રી, પરીક્ષા સુપ્રિન્ટેન્ડન્ટ અને સ્કવોર્ડની કમિટિને ફેકટ કમિટીએ ઓનલાઈન સાંભળવા. સદર કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવી.**

**(પરિશિષ્ટ : " ક ")**

૨. પરીક્ષા FACT કમિટીની તા.૨૩/૦૪/૨૦૨૧ની સભાની નોંધ/ભલામણો પર વિચારણા કરવા બાબત....

**(નોંધ:** પરીક્ષા FACT કમિટીની ઉપરોકત સભાની નોંધ/ભલામણો આ સાથે સામેલ છે.**)**

:: **આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા FACT કમિટીની તા.૨૩/૦૪/૨૦૨૧ની સભાની નોંધ/ભલામણોનો પરિશિષ્ટ : " ખ " માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, તમામ મેડીકલ કોલેજને વિદ્યાર્થીઓએ ઉત્તરવહીમાં વિદ્યાર્થીની સહી માટે દર્શાવેલ જગ્યાએ જ સહી કરવા અંગેનો પત્ર પાઠવવો. આમ છતાં વિદ્યાર્થી દ્વારા સુપરવાઈઝરની જગ્યાએ સહી કરવાની ભુલ થાય તો તે અંગેની જવાબદારી સુપરવાઈઝર અને પરીક્ષા સુપ્રિટેન્ડન્ટની રહેશે.**

**(પરિશિષ્ટ : " ખ ")**

**(ડૉ.ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ પરિશિષ્ટમાં દર્શાવેલ ક્રમ નં. ૦૪ની બાબત અંગે વાંધો નોંધાવેલ છે.)**

૩. યુનિવર્સિટીની જાન્યુઆરી / ફેબ્રુઆરી / માર્ચઃ૨૦૨૧માં લેવાયેલ વિવિધ પરીક્ષાઓમાં ગેરરિતી કરતાં પકડાયેલ વિદ્યાર્થીઓ બાબતે પરીક્ષા વિભાગ આચાર/FACT વિભાગ દ્વારા તાઃ ૨૯/૦૪/૨૦૨૧ની નોંધનાં અનુસંધાનમાં વિચારણા કરવા બાબત...

(નોંધ :– પરીક્ષા આચાર/ FACT વિભાગની તાઃ ૨૯/૦૪/૨૦૨૧ની નોંધ આ સાથે સામેલ છે.)

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની જાન્યુઆરી / ફેબ્રુઆરી / માર્ચઃ૨૦૨૧માં લેવાયેલ વિવિધ પરીક્ષાઓમાં ગેરરિતી કરતાં પકડાયેલ વિદ્યાર્થીઓ બાબતે પરીક્ષા વિભાગ આચાર/FACT વિભાગ દ્વારા તાઃ૨૯/૦૪/૨૦૨૧ની નોંધ/અહેવાલ સ્વીકારી નિયમ મુજબની કાર્યવાહી કરવી.**

૪. ગુજરાત સરકારના હેલ્થ કમિશનરશ્રીના આદેશ અનુસાર યુનિવર્સિટીના બાયોસાયન્સીસ વિભાગમાં covid-19 ના ટેસ્ટીગ માટે આર. ટી. પી. સી. આર.ની લેબોરેટરી શરૂ કરવા અંગેના બાયોસાયન્સ વિભાગના વડાશ્રીના તા.૨૯/ ૦૪/૨૦૨૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(બાયોસાયન્સ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકારના હેલ્થ કમિશનરશ્રીના આદેશ અનુસાર યુનિવર્સિટીના બાયોસાયન્સીસ વિભાગમાં covid-19 ના ટેસ્ટીંગ માટે આર. ટી. પી. સી. આર.ની લેબોરેટરી શરૂ કરવા અંગેના બાયોસાયન્સ વિભાગના વડાશ્રીના તા.૨૯/ ૦૪/૨૦૨૧ના પત્રનો સ્વીકાર કરી સદર બાબત અંગે નાણાંકીય બાબતો સહીત તમામ આનુસાંગિક બાબતો માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

સભાનું કામકાજ પૂર્ણ થયા બાદ કોરોના મહામારીમાં યુનિવર્સિટી પરિવારના અવસાન પામેલ કર્મચારીઓ પ્રતિ શોક પ્રગટ કરી, સૌએ ઉભા થઈ બે મિનિટ મૌન પાળ્યું હતું અને સર્વ દિવંગતોને શ્રધ્ધાંજલી આપી હતી.

**અધ્યક્ષશ્રીનો આભારમાની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/૬૦૧૦/૨૦૨૧
તા.૦૪ –૦૫–૨૦૨૧
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......**

**Sd/-**
**ઈ.ચા.કુલસચિવ**